# કાગડાપીઠ પોલીસ સ્ટેશન
# અમદાવાદ શહેર

## <u>પ્રેસ નોટ</u>

## <u>લુંટના  આરોપીને પકડી લુંટનો ગુનો ગણતરીના કલાકો માં ડીટેક્ટ કરતી કાગડાપીઠ પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તથા ઈ,મદદ્રીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીજન તથા ઈ,કાગડાપીઠ પોલીસ ઇન્સપેકટર વી.આર.વસાવા નાઓની સુચના મુજબ મિલકત સંબંધી ગુના બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ કરેલ સુચના કરેલ.

જે સુચના આધારે  તા-૦૮/૦૮/૨૦૧૯ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એમ.બી.પટેલ તથા બિજા સર્વેલન્સ સ્કોર્ડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતા–ફરતા કલાક ૧૫/૩૦ વાગે. ભુલાભાઈ પાર્ક બહુચર માતા મંદિર ત્રણ રસ્તા જાહેર રોડ પર આવતા સાથેના **પો.કો.સરદારસિહ મહિપતસિહ તથા પો.કો.દિનેશકુમાર ભીમશીભાઈ તથા પો.કો.યોગેંદ્રસિહ ખુમાનસિહ** નાઓએ સંયુકત બાતમી હકિકત મળેલ કે “<u>કાગડાપીઠ.પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૯૮/૨૦૧૯ ધી.ઇ.પી.કો. કલમ ૩૯૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧)</u> મુજબના ગુનાના કામે એક મો.સા ઉપર ત્રણ અજાણ્યા  માણસો આવી ફરીશ્રીની મો.સા ને ટ્ક્કર મારી પાડી દઈ ચપ્પુ બતાવી ફરીશ્રી પાસેના થેલો કે જેમાં રોકડા રુપિયા ૧,૭૫,૦૦૦/- હતા તેની લુંટ કરી ભાગી ગયેલ હોય જે ત્રણ ઈસમો પૈકી એક ઈસમ કે જેણે શરીરે સફેદ કલરનો શર્ટ તથા આછા વાદળી કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે તે શાહઆલમ ચાર રસ્તા તરફથી પગે ચાલતો આવી અત્રે થઇ પસાર થનાર છે.”.” જે બાતમી હકીકત આધારે આરોપી નામે <u>સોહીલ ઉર્ફે કલીમંન S/O સમશુદ્દીન અલાબક્ષ રંગરેજ ઉ.વ.૨૧ રહે,મ.ન. એફ/૧૧૧ ન્યુ ફૈસલનગર મોહમદી મસ્ઝીદ પાછળ બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર</u> નાઓને તા-૦૮/૦૮/૨૦૧૯ ના કલાક  ૧૬/૪૦ વાગે ઉપરોક્ત ગુન્હાના કામે અટક કરી જેની પાસેથી રોકડા રુપીયા ૨૦,૧૦૦/- રોકડા તથા એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન મળી કુલ્લે કિં.રૂ.૨૦,૬૦૦/- ના મત્તાનો મુદામાલ રીકવર કરી પકડી ઉપરોકત ગુનો ડીટેકટ કરી પ્રસશંનીય કામગીરી કરેલ  છે.તેમજ સદર ગુનાની આગળની તપાસ ચાલુ.

